Article Date	Headline / Summary	Publication
17 Oct 2026	New Trend in the Insurance Sector: Special Motor Insurance for Private Vehicles in the Defence Sector	Divya Bhaskar (Gujarati)

અનોખી જરૂરિયાતો આધારિત પોલિસીઓથી પ્રીમિયમ ગ્રોથ વધારવાની તૈયારી

ઈન્શ્યો. ક્ષેત્રે નવો ટ્રેન્ડ: ડિફેન્સમાં ખાનગી વાહનો માટે વિશેષ મોટર ઈન્શ્યોરન્સ

ભાસ્કર ન્યૂઝ | નવીદિલ્હી

ડોક્યુમેન્ટ લોસ પ્રોટેક્શન- પ્રાયોરિટી આસિસ્ટન્ટ

દેશના કોઈપણ ખૂણે પોસ્ટિંગ મળે, ત્યાં ફરજ બજાવવા માટે હંમેશા તૈયાર રહેવું એ જ તેની જીવનશૈલી છે. વારંવાર થતું સ્થળાંતર, કામગીરી સંબંધિત ફરજો અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહેવાની પરિસ્થિતિ તેમની જીવનશૈલીનો ભાગ છે, એવી જ રીતે તેમના ખાનગી માલિકીના વાહનો પણ તેમની સાથે વિવિધ પ્રદેશો અને ભૌગોલિક પરિસ્થિતિઓમાં સતત સફર કરતા રહે છે. દરેક સ્થળાંતર સાથે અનિશ્ચિતતા જોડાયેલી હોય છે અને પરિવહન દરમિયાન વાહનને થતું કોઈપણ નુકસાન અથવા વાહન ખોવાઈ જવાથી આર્થિક ભારણ તથા હેરફેરને લગતી સમસ્યા ઊભી થઈ શકે છે તેવો નિર્દેશ બજાજ જનરલ ઈન્શ્યોરન્સના ચીફ ટેક્નિકલ ઓફિસર- કોમર્શિયલ અમરનાથ સક્સેનાએ દર્શાવ્યો હતો.

આ વાસ્તવિકતા દર્શાવે છે કે માત્ર પરંપરાગત ઈન્શ્યોરન્સ પૉલિસીઓ પૂરતી નથી; જરૂર છે એવા મોટર ઈન્શ્યોરન્સની, જે સામાન્ય મર્યાદાઓથી આગળ વધીને સુરક્ષા આપે. સંરક્ષણ કર્મચારીઓ માટે સામાન અને ખાનગી વાહનો સાથે દેશભરમાં સ્થળાંતર કરવું એક અનિવાર્ય વાસ્તવિકતા છે અને દરેક સ્થળાંતર પોતાની સાથે સમાયોજન અને અનુકૂલનના અલગ અલગ પડકારો લઈને આવે છે. યુનિફોર્મધારી કર્મચારીઓ માટે, સતત સ્થળાંતર કરવું એ તેમની સેવાનો અભિન્ન ભાગ છે. વિશેષ મોટર ઈન્શ્યોરન્સ પ્લાન સંરક્ષણ કર્મચારીઓના જીવનને અનુરૂપ સુરક્ષા પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ કવર માત્ર સામાન્ય અકસ્માત સુરક્ષા પૂરતું જ મર્યાદિત નથી.

ડ્રાઇવિંગ લાઇસન્સ અને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ જેવા જરૂરી ડોક્યુમેન્ટ વાહનની હેરફેર અને નિયમોનું પાલન કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. કર્મચારીઓની ફરજનું શેડ્યૂલ એટલું વ્યસ્ત હોય છે કે તેઓને પોતાના માટે બહુ ઓછો સમય મળે છે, તેથી જો તેમના વાહનમાં કોઈ સમસ્યા સર્જાય તો તેનો ઝડપી ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. પ્રાયોરીટી આસિસ્ટન્ટ વ્યક્તિગત ક્લેઇમ સપોર્ટ અને દેશભરમાં ગેરેજના વિશાળ નેટવર્ક છે.